

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત રંગોત્સવની ઉજવણી અન્વયે પ્રથમ દિવસે કીંજલ દવેના કાર્યક્રમ બાદ બીજા દિવસે મુંબઈના જાણીતા સારેગામા ફેમ ગાયક દીપાલી સામૈયાઅને સમીર દાતેએ હિન્દી ફીલ્મી ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જુના અને નવા ફીલ્મોની અત્યંત જાણીતી રચનાઓ સુરીલા સ્વરે રજુ થતા શ્રોતાઓ પણ સંગીતરસમાં તરબોળ થઈ ગયા હતા. ઈન્ફોસીટીની હરિયાળી લોનમાં ગુલાબી ઠંડક ગુગળ ધુપની મંદ મહેંક વચ્ચે રંગોત્સવ અંતર્ગત સંગીત પ્રેમી શ્રોતાઓ મંચ પરથી રજુ થતા એક બાદ એક ચઢીયાતા અવનવા ગીતો સાંભળી સુર સંગીત અને શબ્દોના માધ્યમથી સંગીતથી લબરેઝ થઈ ગયા હતા. સમીર દાતે અને દિપાલી સોમૈયાના સુરીલા કંઠે રજુ થતી જાણીતી રચનાઓને વન્સ મોર અને વન મોરની ફરમાઈશ સાથે દાદ આપતા શ્રોતાઓએ પણ રંગોત્સવની ઉજવણીને વધુ સંગીન બનાવી હતી. હિન્દી ફીલ્મી ગીતો સાથે જોડાયેલી રસપ્રદ વાતો પણ કલાકારો દ્વારા રજુ થઈ હતી.જેના લીધે કાર્યક્રમ વધુ રસપ્રદ બન્યો હતો.

# કોરોના માટે આરોગ્ય તંત્ર દ્વારા ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપની રચના

### ગૃપે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની માર્ગદર્શિકા જિલ્લાઓને મોકલી સતર્ક રહેવા તાકીદ કરી

ગાંધીનગર, તા. ૮

કોરોના વાયરસને લઈ આરોગ્ય વિભાગે એક ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપની રચના કરી આ મુદ્દે દૈનિક સમીક્ષા કરવાનો નિર્ણય કર્યો છે.

આરોગ્યતંત્રના વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે આ વાયરસની ગંભીરતાને ધ્યાને લઈ ગૃપે ૭મી માર્ચના રોજ મળેલ બેઠક પછી તમામ જિલ્લાઓને પણ તાકીદ કરી અને સતર્ક રહેવાની સૂચના આપી છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ગૃપે તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા બહાર પડાયેલી માર્ગદર્શિકા તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાની સારવાર માટે રાજ્યની ૧૬૦ થી વધુ ખાનગી હોસ્પિટલોને અધિકૃત કરવા વિચારણા

ચીન દેશથી શરૂ થયેલ કોરોના વાયરસ આઉટબ્રેક હવે દુનિયાના ૮૫ થી વધુ દેશોમાં ફેલાયેલ છે. ભારતમાં પણ આ રોગના ૩૪ જેટલા પોઝીટીવ કેસ નોંધાયેલ છે.

રાજ્યના આરોગ્યતંત્રએ રચેલ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગૃપે સંભવિત સમસ્યાને પહોંચી વળવા માટે સરકારી હોસ્પિટલો સાથે સાથે ખાનગી હોસ્પિટલોને પણ સુસજ્જ કરવાનો નિર્ણય કર્યો છે. આ રણનીતિના ભાગરૂપે સિઝનસલ ફલુના દર્દીઓની સારવાર કરતી ખાનગી હોસ્પિટલોને કોરોના વાયરસ રોગના દર્દીઓની સારવાર કરવા માટે અધિકૃત કરવાનું નક્કી કરાયું છે.

રાજ્યની ૧૬૦ થી વધુ ખાનગી હોસ્પિટલો પાસેથી આ અંગેનું એકરાર નામુ લેવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ માટે જિલ્લાતંત્રની ટીમ દ્વારા હોસ્પિટલની મુલાકાત લઈ આઈ.સી.સી.યુ. વોર્ડ, વેન્ટીલેટર પી.પી.ડી.કીટ, એન.૯૫ માસ્ક, થ્રી લેયર માસ્ક તેમજ ક્વોલીફાઈડ સ્ટાફ ઉપલબ્ધ છે કે નહિ તે પણ સુનિશ્ચિત કરવાનું રહેશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની જે ટીમ મુલાકાતે જાય તેમાં રેપીડ રેસ્પોન્સ ટીમના ફિઝીશ્યન, માઈક્રો બાયોલોજીસ્ટ, રોગચાળા નિયંત્રણ અધિકારીને સાથે રાખી કરવાની રહેશે.

કોરોના કેસને લઈ હોમ કોરોન્ટાઈસના કેસોની સંખ્યા વધતાં ક્રાઈસીસ મેનેજમેન્ટ સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગયુ છે અને તેણે તેની ટેકનીકલ એડવાઈઝરી ટીમ પણ બનાવી છે. આ ગૃપ દૈનિક ધોરણે સમગ્ર પરિસ્થિતિ પર સંપૂર્ણ સતર્કતા સાથે નજર રાખી રહેલ છે.



આજે રંગોના તહેવાર હોળીમાં હોલિકા દહનનું પણ એક આગવું સ્થાન છે. આ વર્ષે હોલિકા દહન દિવસે ભદ્રાદોષ બાધક બનશે નહિ તેવી જ્યોતિષીઓની આગાહી પછી પ્રદોષ કાળમાં હોલિકા દહન થતાં તેને શુદ્ધ અને શુભ યોગમાં થયું હોવાથી સમૃદ્ધિ દાયક રહેશે તેવી પ્રાર્થનાઓ સાથે સેક્ટરોમાં હોલી દર્શન કરતા જનગરજનોએ હાશકારો અનુભવ્યો હતો. પરંપરાગત હોલિકાદહન બાદ નગરજનોએ હોળીની પ્રદક્ષિણા કરી આવનારા દિવસોમાં સુખ, સમૃદ્ધિ અને સારા આરોગ્ય માટેની પ્રાર્થના કરી હતી... જ્યારે વાતાવરણ શુદ્ધિ માટે પણ નગરજનોએ પંચતત્વોની આહુતિ પણ આપી હતી.

# સે-૨૯માં ગટરોનુ દુષિત પાણી રહીશોના ઘરમાં બેક આવતા અસહ્ય ગંદકી

### રોગચાળાની દહેશત વચ્ચે સ્થાનિકો ત્રસ્ત : ત્વરિત સમારકામ હાથ ધરવા પ્રબળ માંગ

ગાંધીનગર તા ૯

સે-૨૯ માં સરકારી અને ખાનગી મકાનોમાં ગટરનુ દુષિત પાણી ફરી વળતા સ્થાનિકોમાં ખદબદતી ગંદકી વચ્ચે રોગચાળાની દહેશત પ્રબળ બની છે. સે-૨૯ માં છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. અનેક રજુઆતના અંતે પણ ગટરલાઈનની કામગીરી હાથ ધરવામાં આવતી નથી.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો વધુ છે. દાયકાઓ જુની ગટર લાઈન રોજબરોજ સ્થાનિક રહીશો માટે સમસ્યા ઉભી કરે છે. સેકટરોમાં વારંવાર ગટરોના દુષિત પાણી ફરી વળતા ગંદકીની સમસ્યા વચ્ચે ગમે ત્યારે રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત આમ નાગરિકોમાં વ્યાપી છે. શહેરમાં ગટર લાઈનની ફરિયાદોને ડામવા માટે કોર્પોરેશન દ્વારા સ્માર્ટ સીટી અંતર્ગત નવી લાઈન નાંખવા માટે પણ આયોજન કરાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

### સ્ટેટ મિશન ડાયરેક્ટરે જિલ્લાતંત્રનો કાન આમળી કહ્યુ

# જિલ્લામાં વિવિધ યોજનાઓનું સઘન અને સતત મોનીટરીંગ કરો

### ૨૦ થી વધુ યોજના-પેટા યોજનામાં ૪૦ ટકાથી પણ ઓછો ખર્ચ થયો છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં હેલ્થ મિશન દ્વારા ફાળવવામાં આવેલ બજેટમાં થયેલ ઓછા ખર્ચ અને લક્ષ્યાંક સિદ્ધિમાં પીઠેહઠ જોઈ સ્ટેટ મિશન ડાયરેક્ટરે પણ જિલ્લા આરોગ્યતંત્રનો કાન આમળ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મિશન ડાયરેક્ટરે જિલ્લાતંત્રને એક પત્ર પાઠવી માતૃ બાળકલ્યાણ માટેની વિવિધ યોજનાઓ જેવી કે જનની સુરક્ષા યોજના, જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ, કુટુંબ કલ્યાણ સેવાઓ સુવિધા તેમજ સમુદાય આધારિત નવજાત શીશુ સંભાળ, રસીકરણ, પોષણ યોજના, રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ, ક્વોલીટી સંલગ્ન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને સઘન બનાવવા તથા ચેપી તથા બીન ચેપી રોગના નિયંત્રણના પ્રોગ્રામો તેમજ આશાને લગત વિવિધ ટ્રેઈનીંગ, ઈન્સેન્ટીવ વગેરે પ્રત્યે

● અનુસંધાન પાન-૭ પર

## બુરાના માનો હોલી હૈ ભાઈ હોલી હૈ...!!!

ગાંધીનગર, તા. ૯

આજે દેશભરમાં હોળી-ધૂળેટીનું પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહ્યું છે. આ પર્વ એકમેકને રંગ લગાડી નિખાલસ મસ્તી-મજાક કરવાનું પર્વ છે. સાથે મળીને મોજ કરવાનું પર્વ છે. આ ઉત્સવની ઉજવણીમાં કરેલી મજાક-મસ્તી અંગે કોઈ માઠું લગાડતુ નથી અને આ ઉત્સવની ઉજવણીની વિશેષતા જ એ છે કે જેને જે કહેવું હોય તે મજાકમાં કહી દેવાય છે અને ભૂલેચુકે જો સામેવાળાને જરા પણ ખોટું લાગે તો કહી દેવાનું કે ‘‘બુરા ના માનો, હોલી હૈ’’ આજ શિરસ્તા મુજબ દેશના નેતાઓની આજે કટાક્ષમાં ફિલ્મી સંવાદો સાથે સાંકળી હળવી-નિખાલસ મજાક કરવા પ્રયાસ કર્યો છે જેને હળવાશથી લેવા વિનંતી છે કેમ કે ‘‘બુરા ના માનો, હોલી હૈ..!!’’

- વડાપ્રધાનની બીજી ટર્મમાં જે બૉડી લેન્ગેવેજ છે તે જોતા એવું લાગે છે કે તેમના મનમાં શોલેના ગબ્બરસીંગનો ડાયલોગ જ રમી રહ્યો હશે કે ‘‘અગર ગબ્બર કો કોઈ હરા શકતા હૈ તો વો હૈ ખુદ ગબ્બર’’
- ગૃહમંત્રી અમિત શાહ જ્યારે પણ ગુજરાતના પ્રવાસે આવવાના હોય ત્યારે કોંગ્રેસમાં સ્થિતિ સર્જાય છે તે જોઈને જુના જમાનાના વિલન પ્રેમ ચોપરાની યાદ આવી જાય છે કેમકે પ્રેમ ચોપરાની છાપ એવી હતીકે તેઓ જે શહેરમાં જતા હતા ત્યાં માતાઓ પોતાની દિકરીઓને બહાર નીકળવાની મનાઈ કરી દેતી હતી જે રીતે કોંગ્રેસના ધારાસભ્યોને અમિતભાઈ આવે ત્યારે સંતાડવા પડે છે.
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જે રીતે કાર્યક્રમો-ઉદ્‌ઘાટનો સમારંભોમાં અને ટીવી પર ભાષણો કર્યે જાય છે તે જોતા ફિલ્મ ઉપકારનો મશહુર સંવાદ યાદ આવ્યા વિના રહેતો નથી કે ‘‘રાશન પે ભાષણ મિલતા હૈ, ભાષણ પે રાશન નહી, ઈસ લીયે જબ ભી બોલતા હું કુછ જ્યાદા હી બોલતા હું.
- નાયબ મુખ્યમંત્રીએ હમણા બળાપો કાઢ્યો હતો કે હું એકલો

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભા ચૂંટણી માટે હોળાષ્ટક બાદ ઉમેદવારોના ફોર્મ ભરાશે

### ઉમેદવાર પસંદગી પ્રક્રિયા તીવ્ર : કોંગી-ભાજપથી એકય ફોર્મ ભરાયા નથી : રાજયસભાની ૪ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે મરણિયો જંગ ખેલાશે

અમદાવાદ,તા. ૯

રાજ્યસભાની ગુજરાતની ૪ બેઠકો માટે ચૂંટણીપંચ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરી દેવામાં આવ્યું છે. જેના અનુસંધાનમાં તા. ૬ઠ્ઠી માર્ચથી ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલું થઈ છે. જાહેરનામું વિધાનસભા સચિવાલયમાં લગાડી દેવાયું છે અને ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. ચૂંટણી પંચ દ્વારા તા.૧૩મી માર્ચ ફોર્મ ભરવાની અંતિમ તારીખ નક્કી કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી ભાજપ કે કોંગ્રેસમાંથી એકેય ઉમેદવારોના ફોર્મ ભરાયા નથી. તેથી હવે હોળાષ્ટક બાદ જ કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારો

● અનુસંધાન પાન-૭ પર


**UREGENT REQUIRE (CEO)**

GEZIA is looking for highly motivated CEO ,Should be graduate in any discipline having wide experience of related field, and good knowledge of English communication skill. Knowledge of computer, Liasoning with Govt. for industries related matter is Essential. He should be conversant with conducting the seminars, arranging meeting/function/etc. Salary as per qualification and experience. For details information related to this Job please visit www.geziaonline.org/circulars.Interested Candidate may apply through Email or post within 7 days from the date of advertisement to: The secretary


**Gandhinagar Electronics Zone Industries Association**

Gezia

Plot no. B23/2/1&2,GIDC,Ele.Estate,
Sector-25, Gandhinagar-382024
Email- geziaonline@gmail.com | phone-079-23287130



**ચોથી પુણ્યતિથિએ ભાવાંજલિ**


**સ્વ. મનુપ્રસાદ એલ. જોષી**
સ્વ. તા. ૧૦-૦૩-૨૦૧૬

સુખને છલકાવ્યું નહી, દુઃખને દેખાડ્યું નહી,
સદાય હસતો ચહેરો રાખી, જીવનભર લીધી ચીરવિદાય,
કરી મહેનત શુન્યમાંથી સર્જન કર્યું, સર્વત્ર ફેલાવી સુવાસ,
મન માનતી નથી અમારું, અસ્તિત્વ રહ્યું નથી તમારું.
ભગવાન આપના આત્માને દિવ્ય શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

પપ્પાજી,
આપની ચોથી પુણ્યતિથિએ
શત્ શત્ પ્રણામ...

લિ.
ગં.સ્વ. સુધાબેન એમ. જોષી
સ્વ. ડો. વિજયભાઈ એમ. જોષી — ડો. ભારતીબેન વી. જોષી
મયુરી એસ. ઉપાધ્યાય — ડો. સંજયકુમાર એચ. ઉપાધ્યાય
મૃણાલિની વી. ત્રિવેદી — ડો. વિપુલકુમાર એચ. ત્રિવેદી
ધારીણી સી. ભટ્ટ — શ્રી ચિરાગકુમાર જી. ભટ્ટ
જયવી, દિવ્યાંગ, કર્તવી, પર્વ, હીર



**આઠમી વાર્ષિક શ્રદ્ધાંજલિ**





**સ્વ. પ્રફુલ્લચંદ્ર ગજાનન ગુપ્તે**
જન્મ : ૨૬/૧૨/૧૯૨૭ ● સ્વર્ગવાસ તા. ૧૧/૩/૨૦૧૨

અમારા પૂજ્ય પિતાશ્રીની આઠમી પૂણ્યતિથિ નિમિત્તે
શત્ શત્ નમન...

ગં.સ્વ. મીનાબેન પ્ર. ગુપ્તે
મિલિંદ પ્ર. ગુપ્તે — અ.સૌ. શ્રુતિ મિ. ગુપ્તે
ડો. કલ્પના સ. આર્ય — સંજય આર્ય
ડો. સંગીતા પુ. ઘાટે — પુશ્કર ગો. ઘાટે
શ્રી ગજાનાન સેવા સમિતિ - ૯૦૯૯૦૨૩૨૦૨



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR.FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com